### મોબાઈલ ટાવરમાંથી કાર્ડચોરીનું પ્રસરતુ જતું આંતરરાજ્ય કૌભાંડ

# રાજ્યમાં ASIB કાર્ડનું કાળાબજારમાં વેચાણ

### ટાવરમાંથી કંપનીના જ કર્મચારીઓની મિલીભગતથી કિંમતી ASIB કાર્ડ સહિતના સામાનની થતી ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ મોબાઈલ નેટવર્કની સુવિધા માટે શહેર સહિત વિવિધ વિસ્તારોમાં ઊભા કરવામાં આવેલા મોબાઈલ ટાવરોમાંથી કિંમતી ASIB કાર્ડની ચોરીનું કૌભાંડ સામે આવતાં ખળભળાટ મચ્યો છે. પ્રાથમિક રીતે સામે આવેલી વિગતો મુજબ, મોબાઈલ ટાવર કંપનીના જ કેટલાક લાલચુ કર્મચારીઓ અને તેમની સાથે કામ કરતા ટેકનિશિયનોની મિલીભગતથી આ કાર્ડ ટાવરમાંથી કાઢી લેવામાં આવતા હતા. ત્યારબાદ કંપનીને આર્થિક નુકસાન થાય તે રીતે ચોરાયેલા કાર્ડને અન્ય શહેરો કે રાજ્યોમાં બારોબાર વેચી દેવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે. મોબાઈલ કંપની દ્વારા નેટવર્ક યોગ્ય રીતે કાર્યરત રહે તે માટે ટાવર પર BTS બોક્સ ફિટ કરવામાં આવે છે. આ બોક્સમાં નેટવર્ક પ્રોવાઈડ કરવા માટે ASIB કાર્ડનો ઉપયોગ થાય છે. આ કાર્ડ અત્યંત કિંમતી ગણાય છે અને એક નવા કાર્ડની કિંમત અંદાજે રૂ.48 હજારથી રૂ.50 હજાર સુધી હોવાનું જાણવા મળે છે. આટલી ઊંચી કિંમતના કાર્ડની ચોરી પાછળ કંપનીના જ કેટલાક કર્મચારીઓ અને ટેકનિશિયનોની ભૂમિકા હોવાની આશંકા તપાસ દરમિયાન સામે આવી છે. કંપનીને નવું કાર્ડ ખરીદવું પડે નહીં અને ચોરાયેલા કાર્ડને બારોબાર વેચીને કમિશન કે સીધો નફો મેળવી શકાય તેવી લાલચમાં ટેકનિશિયનોને પણ આ સમગ્ર ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ કરવામાં આવતા હોવાની વિગતો છે. ટાવરમાંથી ASIB કાર્ડ કાઢી લીધા બાદ તેની સીધી રીતે સ્થાનિક વિસ્તારમાં જ હેરાફેરી કરવામાં આવે તો કંપનીને ચોરીની જાણ થઈ જવાની શક્યતા રહેતી હોવાથી કૌભાંડીઓ દ્વારા ચોરાયેલા કાર્ડને અન્ય શહેરો અથવા રાજ્યોમાં બ્લેક માર્કેટ મારફતે વેચવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે.




**ASIB કાર્ડ સસ્તામાં મેળવવાની ગોઠવણ**

મોબાઈલ ટાવરના BTS બોક્સમાંથી કોપર વાયર, ASIB કાર્ડ સહિતના કિંમતી સામાનની ચોરીની ઘટનાઓ સામે આવે છે. ખાસ કરીને ASIB કાર્ડ મેળવવા માટે કેટલીક કંપનીઓ દ્વારા અન્ય કંપનીના ટેકનિશિયનોને પૈસાની લાલચ આપી ચોરી કરાવાતી હોવાની ચોંકાવનારી વિગતો છે. એક કાર્ડની કિંમત રૂ.50 હજાર સુધી હોવાથી નવું કાર્ડ ખરીદવાને બદલે 50થી 70 ટકા કિંમતે અન્ય કંપનીના ટાવરમાં વપરાયેલ કાર્ડ મેળવવાનું ગેરકાયદે નેટવર્ક ચાલતું હોવાની આશંકા છે.

**વીમાની રકમ પકવવા માટે પણ ચોરી કરાવાય છે**

મોબાઈલ ટાવર કંપનીઓમાં BTS બોક્સમાંથી કિંમતી સામાનની ચોરી અંગે અવારનવાર FIR નોંધાતી હોવાની વિગતો સામે આવી છે. કેટલીક ઘટનાઓમાં કંપનીના જ કર્મચારીઓ પોતાના સ્વાર્થ માટે ચોરી કરાવતા હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. ચોરી થયાનો દાવો કરી કંપનીને વીમાની રકમ મેળવવામાં મદદ મળે અને બીજી તરફ ચોરાયેલા સામાનના વેચાણથી નફો કમાઈ શકાય તેવા હેતુથી આ પ્રકારનું કૌભાંડ આચરાતું હોવાની ચર્ચાએ સમગ્ર મામલાને ગંભીર બનાવી દીધો છે.

### વાલમ ગ્રીન સોસાયટીના રહીશોમાં ફફડાટ

# વાઘોડિયા ચોકડીની સોસાયટીમાં ઘૂસેલા પાટલા ઘોનું સફળ રેસ્ક્યુ

**પાટલા ઘોને** કોઈપણ પ્રકારનું નુકસાન પહોંચાડ્યા વગર અત્યંત સુરક્ષિત રીતે પકડી લેવાયું



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ વડોદરા શહેરના વાઘોડિયા ચોકડી વિસ્તારમાં આવેલી વાલમ ગ્રીન સોસાયટીના રહીશો પોતાના ઘરોમાં ઉજવણીમાં વ્યસ્ત હતા, તે દરમિયાન અચાનક સોસાયટીના ખુલ્લા વિસ્તારમાં એક વિશાળકાય પાટલા ઘો લટાર મારતો નજરે પડ્યો હતો. અચાનક વન્યજીવને નજરે જોઈને સોસાયટીના લોકો ચિંતામાં મુકાઈ ગયા હતા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તાત્કાલિક ધોરણે તકેદારીના પગલાં લેવામાં આવ્યા હતા.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક રહીશો દ્વારા તરત જ જાણીતા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુઅર યશ તડવીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તહેવારનો દિવસ હોવા છતાં અને પોતાની અંગત ઉજવણી બાજુ પર મૂકીને, યુવાન યશ તડવી ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તાત્કાલિક વાલમ ગ્રીન સોસાયટી ખાતે દોડી આવ્યા હતા. તેમણે અત્યંત સાવચેતી, કુનેહ અને વન્યજીવ સંભાળની આવડત કામે લગાડીને આક્રમક દેખાતા પાટલા ઘોને કોઈપણ પ્રકારનું શારીરિક નુકસાન પહોંચાડ્યા વગર અત્યંત સુરક્ષિત રીતે પકડી લીધું હતું. એક તરફ જ્યાં સમગ્ર શહેરમાં રક્ષાબંધનનો તહેવાર ઉત્સાહભેર ઉજવાઈ રહ્યો હતો, ત્યારે બીજી તરફ યશ તડવીએ મૂગા જીવની રક્ષા કરીને તહેવારની એક અનોખી વ્યાખ્યા પ્રસ્તુત કરી હતી. તેમની આ સરાહનીય કામગીરીથી 'જીવદયા'નું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પાટલા ઘોનું સફળ અને સુરક્ષિત રેસ્ક્યુ થઈ જતાં વાલમ ગ્રીન સોસાયટીના રહીશોએ હાશકારો અનુભવ્યો હતો અને ભારે રાહતનો શ્વાસ લીધો હતો. સોસાયટીના અગ્રણીઓ અને લોકોએ યુવાન રેસ્ક્યુઅર યશ તડવીની પ્રશંસા કરી હતી.

### અજબપુરા ગામની કરણ નદીમાં ઝંપલાવી મોત વ્હાલુ કર્યું

# પિતાના ઠપકાનું લાગી આવતાં પુત્રનો આપઘાત

**તહેવાર પૂર્વે** જ યુવકે પગલું પડતા પરિવારજનોમાં શોકનો માહોલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ ડમ્પર ટ્રક ચલાવવાનો શોખ ધરાવતા 20 વર્ષીય યુવકને પિતાએ ડમ્પર શીખવવાની ના પાડી ઠપકો આપતાં પુત્રને વાતનું મનમાં લાગી આવ્યુ હતુ. ત્યારબાદ યુવક કરણ નદીમાં આવેલી પથ્થરની માઈન્સના પાણીમાં પડી જતાં ડૂબી ગયો હતો. ઘટનામાં યુવકનું મોત નિપજતાં અજબપુરા ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

સાવલી તાલુકાના અજબપુરા ગામના નિશાળવાળા ફળિયામાં રહેતા અરવિંદભાઈ વનરાજસિંહ પરમાર (ઉં.વ. 20)ને ડમ્પર ટ્રક ચલાવવાનો શોખ હતો. દરમિયાન તેના પિતા વનરાજસિંહ પરમાર દ્વારા અરવિંદને ડમ્પર ટ્રક શીખવાની તથા ગાડી પર જવાની બાબતે ઠપકો આપવામાં આવ્યો હતો. પિતાનો ઠપકો મનમાં લાગી આવતા અરવિંદભાઈ ઘરેથી નીકળી ગયા હતા અને કરણ નદીમાં આવેલી પથ્થરની માઈન્સના પાણીમાં પડી જતાં ડૂબી ગયા હતા.

બનાવ અંગે જાણ થતાં પરિવારજનો તેમજ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. જોકે પાણીમાં ડૂબી જવાથી અરવિંદનું મોત થયું હતું. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા ડેસર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મોહનસિંહ પ્રભાતસિંહ સહિતની ટીમે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહ અંગેની કાર્યવાહી કરી બનાવ અંગે વધુ તપાસ શરૂ કરી છે. યુવકના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે.

### લોક આરોગ્ય સાથે ચેંડા કરનાર સામે VMC તંત્ર દ્વારા કડક પગલાં લેવાય તેવી આશા

# વડોદરામાં પણ 'ઓન-ધ-સ્પોટ' ફૂડ ટેસ્ટિંગ નિયમ લાગુ થાય તેવી પ્રબળ શક્યતા

**તહેવારો ટાણે** સંસ્કારી નગરીમાં નિયમ લાગુ થશે તો શહેરીજનોને શુદ્ધતાયુક્ત ખોરાક મળી રહેશે

વડોદરાઃ આગામી તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને રાજ્યની અન્ય મહાનગરપાલિકા દ્વારા નાગરિકોના આરોગ્યની સુરક્ષા કાજે એક અત્યંત સરાહનીય અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મીઠાઈ અને ફરસાણમાં થતી ભેળસેળ સામે કડક વલણ અપનાવતા તંત્રએ હવેથી દરેક મીઠાઈ-ફરસાણની દુકાનમાં ગ્રાહકોને સરળતાથી દેખાય અને ઉપયોગ કરી શકાય તે રીતે 'ઓન-ધ-સ્પોટ રેપિડ ટેસ્ટિંગ કીટ' રાખવાનો આદેશ આપ્યો છે. આ વ્યવસ્થાના કારણે ગ્રાહકો મીઠાઈ કે ફરસાણ ખરીદતા પહેલા જ તેની પ્રાથમિક ગુણવત્તા પોતે જ ચકાસી શકશે. આ ટેસ્ટિંગ કીટની મદદથી ચાંદીના વરખની શુદ્ધતા, માવા-ખોયા, મીઠાઈ તેમજ પનીરમાં સ્ટાર્ચની હાજરી, નોન-પરમિટેડ કલર, કેસર અને શુદ્ધ ઘીમાં વેજીટેબલ ફેટની ભેળસેળ જેવી બાબતોની ઓન-ધ-સ્પોટ તપાસ કરી શકાય છે. આ ઉપરાંત તહેવારો દરમિયાન હોટલ અને રેસ્ટોરન્ટ્સમાં સ્વચ્છતા જળવાય તે માટે ૧૮ કડક મુદ્દાઓનું પાલન ફરજિયાત કરાયું છે, જેમાં રસોડામાં સીસીટીવી લગાવી ગ્રાહકોને લાઈવ ડિસ્પ્લે બતાવવા અને રસોઈના તેલનો વારંવાર ઉપયોગ રોકવા TPC મશીન વાપરવાની બાબતો સામેલ છે. રાજ્યની અન્ય મનપાના આ સરાહનીય આદેશ બાદ હવે વડોદરા મહાનગરપાલિકા દ્વારા પણ વડોદરા શહેરમાં આ જ પ્રકારના નિયમો અમલી બનાવવામાં આવે તેવી પૂર્ણ શક્યતાઓ સેવાઈ રહી છે. વડોદરામાં તહેવારો ટાણે મીઠાઈ, માવો અને ફરસાણનું વિશાળ પ્રમાણમાં વેચાણ થતું હોય છે. આવા સમયે જો VMCના ફૂડ વિભાગ દ્વારા અન્ય મનપાની તર્જ પર કડક નિર્ણય લેવામાં આવે, તો નાગરિકોના સ્વાસ્થ્ય સાથે થતાં ખુલ્લેઆમ ચેડાંને અટકાવી શકાશે.

વડોદરામાં આ નિયમ લાગુ થવાથી ગ્રાહકો પોતે જ ખરીદી વખતે ખાદ્યસામગ્રીની શુદ્ધતા ચકાસી શકશે અને ભેળસેળ કરનારા વેપારીઓ પર સીધો લગામ કસાશે.

**વડોદરામાં પણ ૧૮ મુદ્દાની ગાઈડલાઈન અમલી બને તેવી સંભાવના**

રાજ્યની અન્ય મહાપાલિકા દ્વારા જાહેર કરાયેલા ૧૮ મુદ્દાના નિયમો જો વડોદરામાં લાગુ કરાય તો ખાદ્ય સુરક્ષા ક્ષેત્રે મોટો સુધારો આવી શકે છે. હોટલ-રેસ્ટોરન્ટના કિચનમાં સીસીટીવી કેમેરાનું લાઈવ ટેલિકાસ્ટ, પીવાનું શુદ્ધ પાણી, કાચા અને પાકા ખોરાકનો અલગ સ્ટોરેજ તથા દૂષિત તેલ અટકાવવા TPC મશીન નો ઉપયોગ વડોદરાના ગ્રાહકોને શુદ્ધ આહારની ખાતરી આપશે. તહેવારોમાં વડોદરાવાસીઓની સેહત જાળવવા VMC તંત્ર પણ વહેલી તકે આ દિશામાં સત્તાવાર આદેશ જારી કરે તેવી પૂરી શક્યતા છે.

### ગોળીબાર બાદ રિવોલ્વર કેનાલમાં ફેંકી દીધી

# મંજૂસરની નિરમા કેનાલ પાસે યુવકનો આત્મહત્યાનો પ્રયાસ

(પ્રતિનિધિ), સાવલી તા.૨૮ મંજુસરના નિરમા કેનાલ પાસે 16 જુલાઈની રાત્રે બનેલી ઘટનાએ પોલીસને પણ ચોંકાવી દીધી હતી. ગૃહકલેશથી કંટાળેલા એક યુવકે રિવોલ્વરથી પોતાની જાતને ગોળી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગોળી વાગ્યા બાદ તેણે રિવોલ્વર કેનાલમાં ફેંકી દીધી હતી અને ગંભીર હાલતમાં રસ્તા પર કણસતો મળી આવ્યો હતો. સારવાર બાદ યુવક સ્વસ્થ થતાં હવે મંજુસર પોલીસે તેની સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી હથિયાર ક્યાંથી આવ્યું તેની તપાસ શરૂ કરી છે.



મૂળ ઉત્તર પ્રદેશનો અને હાલ મંજુસરમાં રહેતો રણજીત ચૌધરી 16 જુલાઈની રાત્રે નિરમા કેનાલ પાસે પહોંચ્યો હતો. ગૃહકલેશના કારણે માનસિક તણાવમાં આવેલા રણજીતે પોતાની પાસે રહેલી રિવોલ્વરથી પોતાની જાતને ગોળી મારી હતી. ગોળી વાગ્યા બાદ ગંભીર રીતે ઈજાગ્રસ્ત રણજીતે વપરાયેલી રિવોલ્વર કેનાલમાં ફેંકી દીધી હતી. ત્યારબાદ તે રસ્તા પર કણસતી હાલતમાં મળી આવતાં સમગ્ર ઘટનાની જાણ પોલીસને થઈ હતી. મંજુસર પોલીસે તાત્કાલિક તેને સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. લાંબી સારવાર બાદ યુવકની તબિયતમાં સુધારો થયો છે. યુવક પાસે રિવોલ્વર જેવી હથિયાર ક્યાંથી આવ્યું, તેને કોણે આપ્યું અને હથિયાર કાયદેસર હતું કે ગેરકાયદેસર તે મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે. ખાસ કરીને કેનાલમાં ફેંકવામાં આવેલી રિવોલ્વર શોધવા સહિત હથિયારના મૂળ સ્ત્રોત સુધી પહોંચવા પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### ૨૫૦થી વધુ ભુદેવોએ શાસ્ત્રોક્ત વિધિ સાથે નૂતન યજ્ઞોપવિત ધારણ કરી

# શહેરના જે. એમ. પંડ્યા સંસ્કારધામ ખાતે શ્રાવણી મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ સાંસ્કૃતિક અને ધાર્મિક નગરી વડોદરા ખાતે પવિત્ર શ્રાવણ માસની પૂર્ણિમા એટલે કે નારિયેળી પૂર્ણિમાના પાવન પ્રસંગે જે. એમ. પંડ્યા સંસ્કારધામ ખાતે પરંપરાગત શ્રાવણી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ મુજબ યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં શહેર તથા આસપાસના વિસ્તારમાંથી આશરે ૨૫૦ થી ૩૫૦ જેટલા બ્રાહ્મણો અને આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા.



મહોત્સવ દરમિયાન પરંપરાગત ઉપાકર્મ વિધિ યોજાઈ હતી, જેમાં ગુરુ-શિષ્ય પરંપરા અનુસાર બ્રાહ્મણો અને આચાર્યો દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે જૂની જનોઈ બદલીને નૂતન યજ્ઞોપવિત ધારણ કરવામાં આવી હતી. યજ્ઞોપવિતના શાસ્ત્રીય અને ધાર્મિક મહત્વ વિશે માહિતી આપતાં જણાવવામાં આવ્યું હતું કે જનોઈમાં મુખ્યત્વે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - એ ત્રણેય મહાદેવોનો વાસ રહેલો છે. જનોઈના નવ તાંતણાઓમાં ૐકારથી લઈને વિશ્વેદેવ સુધીના તમામ દેવતાઓનું આવાહન કરવામાં આવે છે. શ્રાવણી પર્વ નિમિત્તે બ્રાહ્મણો દ્વારા નિત્ય પ્રાતઃ સંધ્યા, મધ્યાહ્ન સંધ્યા અને બ્રહ્મયજ્ઞ જેવા વિધિ-વિધાનો સંપન્ન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દેવો, ઋષિમુનિઓ, મનુષ્યો તેમજ પિતૃઓના તર્પણની વિશેષ વિધિ યોજાઈ હતી. તર્પણ વિધિ પૂર્ણ કર્યા બાદ યજ્ઞોપવિત પરિવર્તનની ઉપાકર્મ વિધિ કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે મા અરુંધતી સહિત યાજ્ઞવલ્ક્ય ઋષિ તેમજ સપ્તર્ષિઓનું વિશેષ પૂજન-અર્ચન પણ કરાયું છે.

### કાયમી કરવાની દરખાસ્ત ન મોકલાતાં ગ્રાન્ટ અટકવાની ભીતિ

# કોર્પોરેશનની બેદરકારી: આરોગ્ય કર્મચારીઓના હક્ક પર તરાપ?

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ હેઠળ નિમણૂક પામેલા તબીબી અધિકારીઓ તથા અન્ય કર્મચારીઓની નોકરીની શરતો, મહેકમ, પગાર-ભથ્થાં અને સેવાકીય લાભો અંગેની નીતિવિષયક બાબતો અંગે મહત્વની રજૂઆત કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬ના અંદાજપત્રમાં આર્થિક બોજાનું કારણ દર્શાવીને સ્ટેન્ડિંગ કમિટી અને સામાન્ય સભાને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોવાનો અને વિરુદ્ધનો અલગ શિડ્યુલ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નાણા વિભાગના વિવિધ સરકારી ઠરાવો અને નીતિઓ મુજબ, રાજ્ય સરકારના અર્બન હેલ્થ પ્રોજેક્ટ હેઠળ નિમણૂક પામેલા કર્મચારીઓના મહેકમ ખર્ચની નાણાકીય જોગવાઈ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે, જ્યારે મહેકમની નિમણૂક, શિસ્તપાલન અને તમામ સેવાકીય લાભો આપવાની જવાબદારી સંબંધિત મહાનગરપાલિકાની રહે છે. છતાં મહાનગરપાલિકા વહીવટ દ્વારા આ નિમણૂક પામેલા કર્મચારીઓને રાજ્ય સરકારના નિયમો મુજબ મળવાપાત્ર પગાર અને લાભોથી વંચિત રાખવાનો પ્રયાસ કરાયો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત, ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી અસ્તિત્વ ધરાવતી હંગામી જગ્યાઓને કાયમી કરવાની દરખાસ્ત સમયસર રજૂ ન થવાના કારણે ગ્રાન્ટ અને કાયમી જગ્યાઓને લગતા પ્રશ્નો ઊભા થયા છે. તેવી જ રીતે, નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ કપાત અને CPF ખાતા ખોલવા અંગેની કામગીરીમાં એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા વિલંબ થતાં પાત્ર કર્મચારીઓમાં અસંતોષ ફેલાયો છે.

### પરવાના ધારક ગાયબ, ડમી વ્યક્તિઓ દ્વારા દુકાનનું સંચાલન

# સંગમ વિસ્તારની રેશનિંગ દુકાનના સંચાલકની મનમાની,લોકોમાં રોષ

**૪ મહિનાથી** અનાજ, તેલ અને ખાંડ ન મળતા ગ્રાહકોમાં ભારે રોષ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને આપવામાં આવતા સરકારી રેશનિંગના અનાજ વિતરણમાં વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાંથી ગંભીર અનિયમિતતાઓ અને ગેરરીતિઓનો પર્દાફાશ થયો છે. કારેલીબાગના સંગમ વિસ્તાર ખાતે આવેલી સસ્તા અનાજની દુકાન પર સંચાલકોની મનમાની અને સરકારી નિયમોના સરેઆમ ઉલ્લંઘનના કારણે સ્થાનિક નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક રહીશો અને રેશનકાર્ડ ધારકો દ્વારા કરવામાં આવેલા ગંભીર આરોપો મુજબ, પરવાના ધારક દ્વારા દુકાન બહાર જરૂરી માહિતી દર્શાવતું બોર્ડ જ હટાવી દેવામાં આવ્યું છે. સરકારી નિયમ અનુસાર વાજબી ભાવની દુકાન બહાર લાઈસન્સ ધારકનું નામ, ઉપલબ્ધ સ્ટોક, વિતરણનો સમય અને લાભાર્થીઓ માટેની સૂચનાઓ પ્રદર્શિત કરવી ફરજિયાત હોય છે. પરંતુ બોર્ડ ગાયબ હોવાથી ગરીબ લાભાર્થીઓને રેશન મેળવવાનો સમય અને સાચી વિગતો મેળવવામાં હાલાકી ભોગવવી પડી રહી છે. દુકાનનો અધિકૃત પરવાનો પરમાર જનકબેન કમલેશભાઈના નામે છે. જોકે, મૂળ લાઈસન્સ ધારક દુકાન પર ગેરહાજર જ જોવા મળ્યા હતા અને તેમના બદલે અન્ય બિનઅધિકૃત વ્યક્તિઓ દુકાનનો વહીવટ ચલાવતા પકડાયા હતા. દુકાનમાં હાજર વ્યક્તિ પાસે પોતાનું કોઈ ઓળખપત્ર કે આધારકાર્ડ પણ ઉપલબ્ધ નહોતું. આ ઉપરાંત, અન્ય દુકાન ધરાવતા લાઈસન્સ ધારક તેજસ્વીનીબેન મનુભાઈ રાઠવા સાથે જોડાયેલા રેશનકાર્ડ ધારકોના જથ્થા અને ચલણ મુદ્દે પણ વહીવટમાં ભારે ગૂંચવણ અને અસ્પષ્ટતા સામે આવી હતી. સ્થાનિક ગ્રાહકોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે તેમને છેલ્લા ત્રણથી ચાર મહિનાથી પૂરતું અનાજ આપવામાં આવતું નથી.

**સમજાવટ** 181 ટીમની સમજાવટથી પરિવારજનો વચ્ચેનો વિવાદ શાંત થયો

# મોબાઈલની લતે ચઢેલી દીકરીની નાણાં માટે માતા સાથે મારપીટ, અભયમ્ મદદે

**દીકરીથી પરેશાન** બનેલી માતાએ અભયમની મદદ માગી અને મામલો સમજાવટથી ઉકેલાયો

**નાની દિકરી મૂંગી** હોવાથી માતા કામે જતાં જ તેના સાથે પણ મારપીટ કરવા લાગે છે

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં 12 વર્ષની દીકરીના મોબાઈલમાં ગેમ રમવાના વ્યસન અને માતા સાથેના કથિત અયોગ્ય વર્તનને લઈને માતાએ 181 અભયમ ટીમની મદદ લીધી હતી. માતાએ જણાવ્યું હતું કે દીકરી આખો દિવસ મોબાઈલમાં ગેમ રમતી રહે છે અને મોબાઈલ લઈ લેતા તેની સાથે મારપીટ કરે છે.

પીડિત માતાના જણાવ્યા મુજબ, તેઓ મજૂરી કામ કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ કામે જાય ત્યારે દીકરી તેમના ચારિત્ર્ય અંગે ગમે તેમ બોલતી હતી અને રોજ પૈસાની માંગણી કરતી હતી. પૈસા ન આપે તો સ્કૂલે નહીં જવાની વાત કરતી હતી. ઉપરાંત, માતાની વાત ન સાંભળવી, જાણ કર્યા વગર ઘરની બહાર નીકળી જવું અને પૂછપરછ કરતાં યોગ્ય જવાબ ન આપવો જેવી બાબતોથી પણ માતા પરેશાન હતા.

આ અંગે માતાએ વધુમાં જણાવ્યું હતું કે તેમની નાની દીકરી મૂંગી હોવાથી બોલી શકતી નથી અને તેઓ કામ પર જાય ત્યારે મોટી દીકરી નાની બહેન સાથે મારપીટ કરતી તેમજ ઘર છોડીને જવાની ધમકી આપતી હતી.

મામલો ધ્યાનમાં આવતા 181 અભયમ ટીમે પીડિતા માતા અને તેમની 12 વર્ષની દીકરીનું કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે દીકરીને સમજાવ્યું કે હાલ તેની ઉંમર અભ્યાસ કરવાની છે, તેથી મોબાઈલ અને ગેમમાં સમય વેડફવાને બદલે અભ્યાસમાં ધ્યાન આપવું જોઈએ. તેમજ માતા મજૂરી કરીને તેનો અભ્યાસ કરાવે છે, જેથી માતા સાથે સન્માનપૂર્વક વર્તન કરવા, ઘરના કામમાં મદદ કરવા અને નાની બહેનની કાળજી રાખવા સમજાવવામાં આવી હતી. કાઉન્સેલિંગ બાદ માતા અને દીકરી વચ્ચે વાતચીત કરાવી બંનેનું સમાધાન કરાવવામાં આવ્યું હતું. 181 ટીમની સમજાવટથી પરિવારજનો વચ્ચેનો વિવાદ શાંત થયો હતો.

## ફાર્મ પીસનો 32 કરોડનો IPO 1 સપ્ટેમ્બરે ખુલશે

વડોદરાઃ અમદાવાદ સ્થિત ઈન્ટિગ્રેટેડ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કંપની ફાર્મ પીસ લિમિટેડનો IPO 1 સપ્ટેમ્બર, 2026થી ખુલશે. કંપનીએ BSE SMEમાં પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યું છે. IPOમાં 10ની ફેસ વેલ્યૂ ધરાવતા 54.24 લાખ ઈક્વિટી શેર 59 પ્રતિ શેરના ફિક્સ્ડ પ્રાઈસે ઓફર કરવામાં આવશે. આ રીતે કંપની 32.0016 કરોડ સુધીનું ભંડોળ એકત્ર કરશે. ઈશ્યુ 3 સપ્ટેમ્બરે બંધ થશે. લોટ સાઈઝ 4,000 શેરની છે. કંપની IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ મુખ્યત્વે વધતી કાર્યકારી મૂડીની જરૂરિયાતો તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરશે. ફાર્મ પીસ પ્રોસેસિંગ કંપનીઓને ફ્રેન્ચ ફ્રાઈસ, ચિપ્સ સહિતના ઉત્પાદનો માટે જરૂરી પ્રોસેસ્ડ-ગ્રેડ બટાકા પૂરા પાડે છે. કંપની ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા અને બનાસકાંઠાના ખેડૂતો સાથે 100% બાય-બેક મોડેલ હેઠળ કામ કરે છે. FY2026માં 5,660 એકરમાં 61,680 મેટ્રિક ટન બટાકાનું ઉત્પાદન થયું હતું.

### પાંચ મહિના જૂની ચોરીનો ભેદ ઉકેલાયો

# અટલાદરા પોલીસે રાજસ્થાનથી મુદ્દામાલ સાથે ચોરને ઝડપી લીધો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૮ પાંચ મહિના પહેલાં મકાનના લોકરમાંથી લાખો રૂપિયાના દાગીના અને રોકડની ચોરી કરી આરોપી રાજસ્થાન પહોંચી ગયો હતો. પરંતુ અટલાદરા પોલીસની ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સ આધારિત તપાસથી આખરે આ ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે રાજસ્થાનના 38 વર્ષીય હીરાલાલ નવલજી ચોરને ઝડપી સોનાની બંગડી, સોનાની પાયલ તથા ચાંદીની પાંચ નાની પૂજા મૂર્તિઓ સહિત રૂ.70 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. અટલાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આવેલા મકાનના પ્રથમ માળે આવેલા રૂમના ખુલ્લા કબાટમાંથી લોકરની ચાવી મેળવી આરોપીએ લોકર ખોલ્યું હતું. ત્યારબાદ સોનાની પાયલની જોડી, સોનાની બંગડી, બે મંગળસૂત્ર, ચાંદીની પાંચ નાની



મૂર્તિઓ અને રૂ.25 હજાર રોકડ મળી મુદ્દામાલ ચોરી કરવામાં આવ્યો હતો. બાતમીના આધારે અટલાદરા આર્યા એમ્પાયરથી સત્વ સહજ સોસાયટી તરફ જતા હાઈટેશન રોડ ઉપર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતા હીરાલાલ નવલજી કીરને પોલીસે ઝડપી પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ સઘન પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ મકાનમાંથી સોનાનું મંગળસૂત્ર, પગમાં પહેરવાની પાયલ તથા ચાંદીની મૂર્તિઓ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા બાદ રાજસ્થાન ખાતેના રહેણાંક મકાનમાંથી સોનાની બંગડી, સોનાની પાયલ અને ચાંદીની પાંચ નાની પૂજા મૂર્તિઓ મળી આવી હતી. પોલીસે રૂ.70 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ તપાસમાં ચોરીના અન્ય મુદ્દામાલ પૈકી આશરે રૂ.60 હજારનું સોનાનું મંગળસૂત્ર અને આશરે રૂ.20 હજારની કિંમતની સોનાની પાયલનો ટુકડો ઉદયપુરની મુથૂટ ગોલ્ડ એજીમ પોઈન્ટ પ્રાઈવેટ લિમિટેડ ખાતે વેચી દેવાયો હોવાનું પણ સામે આવ્યું છે. આ મુદ્દામાલની રિકવરી માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.